<u>રે.દિ.મુ.નં.૪૮/૨૦૨૬</u>

<u>: આંક – ૦૫ ની કાયમી મનાઇ હુકમ મેળવવા અંગેની અરજી તળે હુકમ :</u>

(૧) વાદીની હાલની કાયમી મનાઇ હુકમ મેળવવા અંગેની અરજી વંચાણે લીધી. વાદી અને પ્રતિવાદીઓના વિદ્ધાન વકીલશ્રીઓને સાંભળ્યા તથા પ્રતિવાદી નં.૧ દ્ધારા સદર અરજીનો આંક–૦૯ થી લેખિત જવાબ રજુ રાખેલ છે તે વંચાણે લીધો અને કેસનું રેકર્ડ ધ્યાને લીધું.

(૨) હાલની અરજી વાદી દ્ધારા દાવાના કામે કાયમી મનાઇ હુકમ મેળવવા અંગે દાખલ કરવામાં આવી છે. જેમાં તેઓએ દાવા અરજીની મોટાભાગનઇ હકીકત જણાવેલ છે. જેથી તેનું પુનરાવર્તન ન થાય તે સારૂ અત્રે તેનો ઉલ્લેખ કરવામાં આવતો નથી, પરંતુ વાદી તરફે હાલની અરજી લગત દાદ માંગેલ છે કે, પ્રતિવાદી નં.૧ તેમના બેડરૂમમાંથી પ્રવેશ કરી દક્ષિણની માર્જીનની ખુલ્લી જગ્યામાં કોઇ એટેચ સંડાસ–બાથરૂમ કરે કરાવે નહીં તેવો કાયમી/કામચલાઉ મનાઇ હુકમ ફરમાવવા અરજ કરેલ છે. વધુમાં પ્રતિવાદી નં.૧ નો સુર્યન હોપ ટાઉનના મૂળ પ્લાનથી વિરુધ્ધનું જે કોઇ બાંધકામ કરેલ હોઇ તે તમામ જેમ કે, કોમન દિવાલથી ધાબા ઉપર જવાની સીડી તેમજ કેબીનના બહાને ૨૦ ફૂટ ઉપરાંતનો રૂમનું બાંધકામ કરેલ છે તે તથા ઓપન ટેરેસનું ધાબુ તેમજ આગળ ઓસરી બંધ કરી તે તમામ કરવામાં આવતું બાંધકામ દૂર કરવા પ્રતિવાદી નં.૨ ગાંધીનગર મ્યુનિ. કોર્પોરેશનને હુકમ ફરમાવવા અરજ કરેલ છે. તેમજ યથાવત પરિસ્થિતિમાં સદર તકરારી બાંધકામ થતું અટકાવે તેવો પ્રતિવાદી નં .૧ ની વિરુધ્ધ તેમજ વાદીની તરફેણમાં કાયમી મનાઈ હુકમ મેળવવા અરજ કરેલ છે.

(૩) હાલના દાવાના કામે અમારા પુરોગામી ન્યાયાધીશશ્રીએ દાવો રજીસ્ટરે લઇ, દાવાની પ્રતિવાદીને નોટીસ ઇસ્યુ કરતાં જે પ્રતિવાદીને બજી જતાં પ્રતિવાદી નં. ૧ નાએ વાદીની દાવા તથા મનાઇઅરજીનો

લેખીતમાં આંક–૦૯ થી જવાબ રજુ રાખેલ છે. જેમાં તેઓએ વાદીની દાવાની અરજી તમામ હકીકતોને નકારી ખરી હકીકતમાં જણાવેલ છે કે, પ્રતિવાદીએ તેઓની એ–૬૩ વાળી મિલકતમાં તા.૦૧.૦૭.૨૦૨૫ થી રીનોવેશન કરવાના હેતુથી સદર મકાન ખાલી કરી તેઓની સોસાયટીમાં જ બંગલા નં.સી/૧૧૩ માં રૂા.૧૬,૦૦૦/– ભાડુ તથા રૂા.૧૫૦૦/– સોસાયટીના મેન્ટેનન્સથી ભાડે રાખી રહેવા ગયેલા અને ત્યારથી પ્રતિવાદી તેઓનું એ–૬૩ વાળુ મકાન રિપેર કરાવતા હતા. જેમ કામ કરતા ગયા તેમ સદર મકાનનું કામ વધતુ જતુ હતુ. તેથી પુરેપુરુ પાડી નવેસરથી બનાવવાની પ્રતિવાદીને ફરજ પડેલ. જેને કારણે તેઓએ આંતરિક થોડા ફેરફાર કરેલ. તે પણ વાદી કે સોસાયટીને કોઇ પણ જાતનું નુકશાન કર્યા સિવાય અને તે પણ તેઓની પ્રિમાઇસીસમાં જ કરેલ. તેમ છતાં વાદી પ્રતિવાદીને તેમના કામ બાબતે વારંવાર ધમકીઓ આપતા હતા કે,'' હુ કહુ તેમ કરો નહીતો, તમારુ કામ કાજ બંધ કરાવી દઇશ.'' પ્રતિવાદીની ગેરહાજરીમાં તેઓને ત્યાં કામ કરતા મજુરોને ધમકી આપી કામ બંધ કરાવી દેતા હતા. એક દિવસ વાદીએ જણાવેલ કે, ''તમારો પ્લોટ ખુલ્લો છે, તેથી ત્યાં મકાન તૈયાર થઇ ગયા બાદ દરવાજો જલ્દી મુકો નહી તો મારે ત્યાં ચોરી થવાની સંભાવના છે.'' આ રીતે કહી વાદીએ પ્રતિવાદીને સીક્યોરીટી ગાર્ડ રાખવા મજબુર કરેલ. જેને કારણે પ્રતિવાદીએ છ મહીના સીક્યોરીટી ગાર્ડના માસીક રૂા.૧૩,૦૦૦/– ના પગાર પર રાખવો પડેલ. વાદીની ઉપર મુજબની ધમકીઓ અને ટોર્ચરને કારણે પ્રતિવાદી ડરી જઇ વાદીના કહ્યા મુજબ વારંવારં ફેરફાર કરતા અને તેમનું માન રાખતા. વાદીની વારંવારંની પજવણીને કારણે પ્રતિવાદી, તેમના પત્ની તથા કોન્ટ્રાકટર આ કામના વાદીથી ડરતા ડરતા કામ કરતા હતા. વાદીની પજવણીઓ ચાલુ રહેતા પ્રતિવાદીની પત્ની ડીપ્રેશનમાં આવી ગયેલા અને તેમને રીધ્ધી હોસ્પિટલ ડો.ગૌતમ અમીનને ત્યાં ૨૦ દિવસ દાખલ કરવા પડેલા અને હાલમાં દવા પણ ચાલુ છે.

પ્રતિવાદી મકાનનું બહારનું કામ કાજ હાલ કરતા નથી તેમજ મકાનની અંદરનુ કામ કાજ બાકી છે. તે આ કામના વાદી ચેનકેન પ્રકારે અટકાવી પ્રતિવાદીને હેરાન પરેશાન કરવા માંગે છે. પ્રતિવાદી પ્રાઈવેટ નોકરીમાંથી રીટાયર્ડ થયેલા છે. આવકનું હાલ કોઇ સાધન નથી. તેમનો દિકરો પ્રાઈવેટ નોકરી કરે છે તેમાં મકાનનું ભાડુ અને ઘર ચલાવવાનુ ખુબ મુશ્કેલ થઇ પડેલ છે.

વધુમાં તેઓ જણાવે છે કે,આ કામના વાદી નામદાર કોર્ટ સમક્ષ સ્વચ્છ હાથે આવેલા નથી. કાયદાનો ભંગ કરનારને કાયદો કયારેય મદદ ન કરી શકે. વાદીનું એ–૬૨ વાળુ મકાન ચારે બાજુ પતરા અને લોખંડની ઝાળીથી કવર કરી દીધેલ છે. વાદીએ પોતે કોમન દિવાલનો ભરપુર ઉપયોગ કરેલ છે. ઔડાના પ્લાનથી વિરુધ્ધ વાદીએ પોતાની માર્જીનની જગ્યા કવર કરવામાં કોઇ કસર છોડેલ નથી. આમ કરી વાદીએ પ્રતિવાદીના ઇઝમેન્ટ રાઇટને નુકશાન પહોંચાડેલ છે. વાદીના શેડના લીધે શેડનો કચરો પ્રતિવાદીને ત્યાં આવીને રોજ પડે છે. તેમ છતાં પ્રતિવાદીએ કયારેય આ કામના વાદીની કોઇ ફરીયાદ કરી નથી. પોતાના ધાબા પર સોલર સીસ્ટમ લગાડી ધાબા સુધી કવર કરી દીધેલ છે. વાદી પોતે રીટાયર્ડ એડી.ડીસ્ટીકટ એન્ડ સેશન્સ જજ હોવાનો રોફ જમાવી પ્રતિવાદીને હેરાન પરેશાન કરવાના હેતુથી સદર દાવા અરજી દાખલ કરેલ છે. વધુમાં જો મનાઈ હુકમ આપવામાં આવે તો પ્રતિવાદીને પારાવાર નુક્શાન થાય તેમ છે અને જો મનાઈ હુકમ ન આપવામાં આવે તો વાદીને કોઇ જ પ્રકારનું નુકશાન થતું નથી. આથી, પ્રતિવાદીની તમામ હકીકતો તેમજ દસ્તાવેજી પુરાવા ધ્યાને લઇ, વાદીની મનાઇ અરજી રદ કરવા અરજ કરેલ છે.

(૪) જયારે આ કામના પ્રતિવાદી નં. ૨ નાઓ તરફે હાજર થઇ વાદીની દાવા અરજી તથા મનાઈ અરજીનો લેખીતમાં આંક–૩૧ જવાબ રજુ રાખેલ છે. જેમાં તેઓએ વાદીના દાવાની તમામ હકીકતોને નકારી કાઢેલ અને મુખ્યત્વે જણાવે છે કે, વાદીનું મકાન સૂર્યન હોપ ટાઉન

યુનિટ એ–૬૨ માં છે અને પ્રતિવાદીનું મકાન બાજુના એ–૬૩ માં છે. પ્રતિવાદી નં.૧ જૂનુ મકાન તોડીને નવું બાંધકામ સરકારી નિયમ અને મંજૂર પ્લાન વિના ગેરકાયદેસર રીતે કરી રહેલ. જે બાંધકામ અંગે વાદી ધ્વારા હાલના પ્રતિવાદી નં.ર ને જાણ કરતા હાલના પ્રતિવાદી નં.ર ધ્વારા ઉપરોકત બાંધકામ અટકાવવા માટે તા.૨૮/૦૧/૨૦૨૬ ના રોજ લેખિતમાં જાણ કરવામાં આવેલ તેમ છતાં પ્રતિવાદીએ બાંધકામની પ્રવૃત્તિ ચાલુ રાખી અને સરકારશ્રીના ધારા ધોરણ તેમજ સી.જી.ડી.સી.આર. ની જોગવાઈ મુજબ નકશા તથા જરૂરી આધાર–પુરાવા તથા બાંધકામની પરવાનગી મેળવ્યા સિવાય નિયમ વિરુધ્ધ બાંધકામની પ્રવૃત્તિ પ્રતિવાદી નં.૧ ધ્વારા કરવામાં આવેલ હોય અને પ્રતિવાદી નં.૧ ના ગેરકાયદેસર બાંધકામ અંગેની હકીકત સ્થળ તપાસ કરતા સત્ય જણાયેલ અને તેથી ઉપરોકત સ્થળે ચાલી રહેલ બાંધકામ અટકાવવું અત્યંત આવશ્યક હોઇ પ્રતિવાદી નં.૧ ધ્વારા વાદીની મનાઈ અરજી રદ કરવા અરજ કરેલ છે.

(૫) જેથી વાદી તરફે હાલની જે અરજી દાવાના કામે કામચલાઉ મનાઇ હુકમ મેળવવા સારૂ આપેલ છે, તે મુજબ મનાઈ અરજીના મુખ્યત્વે ત્રણ તત્વો પ્રાઇમાફેસી કેસ, બેલેન્સ ઓફ કન્વીનીયન્સ અને ઇરરીપેરેબલ લોસ કોની તરફેણમાં આકર્ષાય છે. તે સંબેધે જોવામાં આવે તો આ કામના વાદી તરફે હાલનો દાવો ડેકલેરેશન તથા મનાઈ હુકમ મેળવવાનો દાખલ કરેલ છે. તે મુજબ વાદગ્રસ્ત જગ્યા એટલે કે, ચાંદખેડા ઝુંડાલ ડાફ્ટ ટી.પી., સ્કીમ નંબર ૭૪, ફાઇનલ પ્લોટ નંબર. ૫૧–૫૨ ની બિન ખેતીની જમીનમાં ઔડા ધ્વારા મંજૂર કરવામાં આવેલ પ્લાન મુજબ બાંધવામા આવેલ સૂર્યન હોપ ટાઉન, યુનિટ નંબર એ–૬૨ ની ૧૬૫ ચોરસવાર જમીન તથા તેની ઉપર આવેલ ગ્રાઉન્ડ ફલોર તથા ફર્સ્ટ ફલોર એમ કુલ– ૧૮૫ ચોરસવારના બાંધકામ સહિતની મિલકત વાદીની માલીકીની આવેલ છે અને તેને અડીને એ–૬૨ ની બાજુમાં આવેલ એ–૬૩ ના માલિક કબજેદાર

પ્રતિવાદી નં.૧ નાએ તેમનું મકાન આશરે ૧૪/૦૬/૨૦૨૫ થી તોડવાનું ચાલુ કરી જમીન દોસ્ત કરી નવેસરથી બનાવી રહેલ છે. જેથી તે પ્રતિવાદી નં.૧ નાએ જે મકાનનું બાંધકામ કરી રહેલ છે. તે ઔડાના એપ્રુવ થયેલ પ્લાન મુજબ કરતા નથી અને કોઈપણ જાતની સોસાયટીની કે નગરપાલિકાની પરવાનગી વગર પોતાને મન ફાવે તે રીતે બાંધકામ કરી રહેલ છે. જેના કારણે અમો વાદીના સુખાધિકારનો અને હિતોનો નષ્ટ થાય તેવુ બાંધકામ કરી રહેલ છે અને તેઓ જે સોસાયટીના નિતી–નિયમો મુજબ બાંધકામ કરવાનુ હોય છે, તે મુજબ બાંધકામ કરતા નથી અને સોસાયટીના નિતી–નિયમો વિરુધ્ધ બાંધકામ કરેલ હોય અને માર્જીનની જગ્યામાં પણ બાંધકામ કરી દીધેલ હોય અને હજી પણ બાંધકામ કરતા હોય, જેના કારણે વાદીને હવા–ઉજાસ તથા સૂર્યપ્રકાશ અને તડકાના સુખાધિકારને ખૂબ જ ગંભીર અસર થાય છે. જેથી તેઓના આવા ગેરકાયદેસર બાંધકામને અટકાવવા સારૂ હાલનો દાવો લઈને સદર અરજી લગત ઉપરોકત દાદ માંગેલ છે. તેમજ વાદી તરફે હાલની દાવા અરજીના કામે નિશાની ૩/૧ થી ૩/૭ સુધીના દસ્તાવેજી આધારો રજૂ રાખેલ છે. તેમાં તેઓએ જે એસ્ટેટ ખાતામાં તથા ટાઉન પ્લાનીંગ ગાંધીનગર મહાનગરપાલીકામાં પ્રતિવાદી નં.૧ નાઓ જે ગેરકાયદેસર મંજૂરી વગર બાંધકામ કરેલ છે.તેની અરજીઓની નકલો રજુ રાખેલ છે તથા પ્રતિવાદી નં.૧ નાએ જે ગેરકાયદેસર બાંધકામ કરેલ છે તેનો ફોટો રજૂ રાખેલ છે.તે મુજબ વાદી જણાવે છે કે, આ કામના પ્રતિવાદી નં.૧ નાએ તેઓની જમીનમાં જે બાંધકામ કરેલ છે. તે સોસાયટીના પ્લાન વિરુધ્ધ અને કોઈપણ જાતનો પ્લાન મંજૂર કર્યા વિના અને કોઈપણ જાતના સક્ષમ અધિકારીની પરવાનગી લીધા વિના કરેલ છે. જેના કારણે વાદીના હવા–ઉજાસ તથા સુખાધિકારનો ભંગ થાય છે અને સોસાયટીને પણ અડચણરૂપ બાંધકામ ગેરકાયદેસર થતુ હોય તે અટકાવવુ જરૂરી હોય સદર અરજી નામદાર કોર્ટમાં દાખલ કરેલ છે. જયારે સદર અરજી સંબંધે આ કામના પ્રતિવાદીનં.૧ તરફે જે આંક–૯ થી રજૂ રાખેલ છે, તે મુજબ તેઓ જણાવે છે કે, અમો જે બાંધકામ

કરેલ છે. તે અમારી માલિકીની જગ્યામાં કરેલ છે અને અમોએ સદર બાંધકામ પણ યોગ્ય પ્લાન સાથે અને અમારી હદમાં જ કરેલ છે. અમોએ કોઇ ગેરકાયદેસર બાંધકામ કરેલ નથી. અમોએ જે બાંધકામ કરેલ છે તે અમદાવાદ કોર્પોરેશન ધ્વારા મંજૂર કરાયેલ પ્લાન મુજબ કરેલ છે. અમોએ કોઇ ગેરકાયદેસર બાંધકામ કરેલ નથી. જેથી વાદીની હાલની અરજી રદ કરવા જણાવેલ છે અને વાદીનો કોઇ પ્રાઇમાફેસી કેસ નથી. જયારે આ કામે પ્રતિવાદી નં.૨ તરફે આંક–૩૧ થી વાદીના દાવા તથા મનાઈ અરજીના કામે રજુ કરી એટલે કે, ગાંધીનગર મહાનગરપાલીકા તરફે ધ્યાને લેતા તેઓએ તેમના જવાબમાં સ્પષ્ટપણે જણાવેલ છે કે, આ કામના પ્રતિવાદી નં.૧ નાએ સરકારશ્રીના નિયમો વિરુધ્ધ બાંધકામ કરતા સોસાયટીના રહીશો તથા હાલના વાદી ધ્વારા સોસાયટીના હોદ્દેદારોનું ધ્યાન દોરવામાં આવેલ અને તે અંગે સોસાયટી ધ્વારા પણ તે બાંધકામ અટકાવવા સારૂ કાર્યવાહી કરાવામાં આવેલ. તેમ છતાં પ્રતિવાદી નં.૧ નાએ બાંધકામ ચાલુ રાખતા અને પ્રતિવાદી નં.૨ નાએ પ્રતિવાદી નં.૧ નાને જરૂરી નિયમ મુજબના નકશા તથા જરૂરી આધાર પુરાવાઓ રજુ રાખેલ, બાંધકામ વિકાસની પરવાનગી મેળવી નિયમાનુસાર બાંધકામ કરવા કાર્યવાહી કરવાનું જણાવેલ હોય અને કાર્યવાહી કરવા સારૂ નોટીસ આપેલ છે. તે નોટીસ સદર કામમાં નિશાની ૩૨/૧ થી રજુ છે. તેમ છતાં આ કામના પ્રતિવાદી નં.૧ નાએ પોતાની મરજી મુજબ સરકારશ્રીના નિતી–નિયમો વિરુધ્ધ અને સક્ષમ અધિકારીની પરવાનગી લીધા વિના બાંધકામ કરવાનુ ચાલુ રાખેલ છે. તે બાંધકામ ગેરકાયદેસરનુ છે તેવુ તેઓ જણાવે છે.

જેથી રેકર્ડ પર આવેલ હકીકતો અને રેકર્ડમાં રજુ થયેલ દસ્તાવેજી આધાર પુરાવાઓ તથા બંને પક્ષોની રજુઆતો ધ્યાને લેતા સદર કામમાં વાદી તરફે જે દસ્તાવેજી આધારો રજુ રાખેલ છે. તથા પ્રતિવાદી નં.૨ તરફે જે દસ્તાવેજી આધારો રજુ રાખેલ છે તે ધ્યાને લેતા આ કામના પ્રતિવાદી નં.૧ નાઓ જે તેઓની માલિકીની જગ્યામાં જે બાંધકામ કરી રહેલ છે તે બાંધકામ સરકારશ્રીના નિતી–

નિયમો અને મંજૂર કરેલ પ્લાન નકશા મુજબ કરી રહેલ હોય તેવી કોઇ હકીકત પ્રથમ દર્શનીય રીતે રેકર્ડ પરથી જણાઇ આવતી નથી. તે જ રીતે પ્રતિવાદી નં.૧ નાએ સદર કામમાં જે કોઇ આધાર પુરાવાઓ તેઓના જવાબના સમર્થનમાં રજુ રાખેલ છે. તે ધ્યાને લેતા પણ તેમાંથી એવી કોઇ હકીકત પ્રથમ દર્શનીય રીતે રેકર્ડ પર જણાઇ આવતી નથી કે તેઓએ તેમની માલિકીની જગ્યામાં જ બાંધકામ કરેલ છે અને તેઓએ સરકારશ્રીના નિતી–નિયમો મુજબ અને સોસાયટીના નિતી–નિયમો અને મંજૂર કરેલ નકશા પ્લાન મુજબ કરે છે. તેમજ તેઓ તરફે એવો કોઇ પ્રથમ દર્શનીય આધાર પુરાવો પણ હાલના દાવાના કામે રજુ કરવામાં આવેલ નથી. જેમાંથી એ હકીકત પુરવાર થાય કે તેઓએ જે બાંધકામ વાદગ્રસ્ત મિલકતમાં કરેલ છે.તેના કારણે આ કામના વાદીને કોઇપણ જાતના સુખાધિકારનો ભંગ થતો નથી અને તેઓએ ધારાધોરણ મુજબ જ બાંધકામ કરેલ છે. વધુમાં આ કામે કેસનું રેકર્ડ ધ્યાને લેતા પણ પ્રતિવાદી નં.૧ તરફે તેઓના મકાનમાં જે બાંધકામ એટલે કે, જૂનું મકાન તોડીને નવુ મકાન બનાવી રહયા છે તે બાંધકામ કરતા પહેલા કોઇ સક્ષમ અધિકારીની પરવાનગી લીધેલ હોય અને તે પરવાનગી આધારે તેઓ સદર બાંધકામ કરતા હોય તે બતાવતો પણ કોઇ પ્રથમ દર્શનીય આધાર પુરાવો તેઓ તરફે કામમાં રજુ રાખેલ હોય તેવુ રેકર્ડ પરથી જણાઇ આવતુ નથી. જયારે તેના તરફે જે નિશાની ૪૪/૧ થી રીવાઇઝ પ્લાનના નકશા રજુ રાખેલ છે તે નકશાઓ ઉપર અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશને રજુ રાખેલ છે. જયારે વાદગ્રસ્ત મિલકત ગાંધીનગર જિલ્લાની હદમાં આવેલ છે અને તેઓએ ગાંધીનગર મ્યુનિસીપલ કોર્પોરેશન પાસેથી સદર તેઓની માલિકીના મકાનનું બાંધકામ શરુ કરતા પહેલા કોઇ બાંધકામની પરવાનથી લીધેલ હોય કે સરકારશ્રીના ધારાધોરણ મુજબ પ્લાન નકશા મુજબ જ કરેલ હોય તેવુ પણ રેકર્ડમાંથી જણાઇ આવતુ નથી. તેમજ આ કામે પ્રતિવાદી નં.૧ તથા સદર દાવાના કામે કોઇ પ્રથમ દર્શનીય આધાર પુરાવા રજુ રાખેલ નથી, જેમાંથી તે હકીકત હાલના તબકકે માનવાને કારણ બને

કે તેઓ તેમના મકાનમાં જે બાંધકામ કરી રહેલ છે તે મકાનનું બાંધકામ તેઓ સરકારશ્રીના નિતી–નિયમો મુજબ તથા સોસાયટીના ધારાધોરણ મુજબ અને મંજૂર કરેલ પ્લાન નકશા મુજબ કરેલ. જેના કારણે કોઈપણ પક્ષને કોઈપણ જાતનુ નુકશાન થતુ નથી કે કોઇ પ્રકારના સુખાધિકારનો ભંગ થતો નથી. તેવા સંજોગોમાં રેકર્ડ પર આવેલ હકીકતો અને ઉપરોકત ચર્ચા કર્યા મુજબ તો આ કામના પ્રતિવાદી નં.૧ નાએ તેઓનુ જે જૂનુ મકાન તોડીને નવુ મકાનનું બાંધકામ કરી રહયા છે. તે બાંધકામ સોસાયટીની કોઈ પણ જાતની પરવાનગી વગર અને સક્ષમ ઓથોરીટીની પરવાનગી વગર અને સરકારશ્રીના ધારધોરણ મુજબ નકકી કરાયેલ પ્લાન નકશા મુજબ કરતા હોય તેવુ રેકર્ડ પરથી જણાય આવતુ નથી અને આ કામના પ્રતિવાદી નં.૧ નાએ જે વાદગ્રસ્ત મિલકતમાં બાંધકામ કરી રહેલ છે. તે બાંધકામ પણ ગેરકાયદેસર રીતે કરતા હોવાનુ પ્રથમ દર્શનીય રીતે જણાઈ આવતુ હોય તેમજ સદર બાંધકામ કરવાને કારણે પણ સોસાયટીના તથા તેની આજુબાજુના રહેતા રહીશોને એટલે કે, વાદીને પણ આવા ગેરકાયદેસર બાંધકામને કારણે સુખાધીકારનો ભંગ થતો હોવાનુ રેકર્ડ પરથી પ્રથમ દર્શનીય રીતે જણાય આવતુ હોય ત્યારે રેકર્ડમાંથી રજુ થયેલ પુરાવા અને રેકર્ડ પર આવેલ હકીકતો મુજબ જો આવુ ગેરકાયદેસરનું બાંધકામ અટકાવવામાં ન આવે તો સદર કામના વાદીને ખૂબ જ મોટુ નુકશાન જાય તેમ હોય અને તે નુકશાન નાણાંથી ભરપાઈ થઈ શકે તેમ ન હોય ત્યારે રેકર્ પર આવેલ હકીકતો મુજબ પણ વાદીનો પ્રથમદર્શનીય કેસ હોવાનું જણાય આવતું હોય અને આ કામે ઉપરોકત ચર્ચા કર્યા મુજબ જો આ રીતે પ્રતિવાદી ન.૧ નાોઓ તેઓનું ગેરકાયદેસરનું બાંધકામ કરવાનું ચાલું જ રાખે તો પણ વાદીને ખુબજ નુકશાન થાય અને તેના કારણે બીજા દાવાદુવીમાં ઉતરવું પડે તેવા સંજોગોમાં બેલેન્સ ઓફ કન્વીનીયન્સ પણ વાદીની તરફેણમાં હોવાનુ જણાય આવતું હોય અને અગાઉ ચર્ચા કર્યા મુજબ પણ જો સદર પ્રતિવાદી નં.૧ નાનું આવું ગેરકાયદેસરનુ બાંધકામ

અટકાવવામાં ન આવે તો વાદીને નાણાંથી ન ભરપાઇ થઇ શકે તેમ નુકશાન જાય તેમ છે. જયારે આ ગેરકાયદેસરનું પ્રતિવાદી નં.૧નું બાંધકામ અટકાવવાથી પ્રતિવાદી નં.૧ નાને કોઇ પણ જાતનુ નુકશાન કે પૂર્વગ્રહ થતો હોય તેમ જણાય આવતુ નથી. કારણકે તેઓનુ બાંધકામ જ રેકર્ડ પર આવેલ હકીકતો પરથી પ્રથમ દર્શનીય રીતે જ ગેરકાયદેસરનું, કોઇપણ જાતની સક્ષમ ઓથોરીટીની પરવાનગી વગર અને સરકારશ્રીના ધારાધોરણો તથા નિયમો મુજબ પ્લાન નકશા વગરનું હોય ત્યારે તેઓને કોઇપણ જાતનું નુકશાન થતુ હોય તેવુ રેકર્ડ પરથી જણાય આવતુ ન હોય ત્યારે સદર વાદગ્રસ્ત મિલકત સંબંધે હાલમાં જેટલુ પ્રતિવાદી નં.૧ નાએ તેઓના મકાનમાં બાંધકામ કરેલ છે તે બાંધકામ અટકાવવું જરૂરી હોય અને ઉપરોકત ચર્ચા કર્યા મુજબ વાદીનો પ્રાયમાફેસી કેસ હોય અને બેલેન્સ ઓફ કન્વીનીયન્સ પણ વાદીની તરફેણમાં હોય અને ઇરરીપેરેબલ લોસ પણ વાદીની તરફેણમાં જણાય આવતુ હોય ત્યારે વાદીની હાલની અરજી અંશત: મંજૂર કરવી ન્યાયોચિત જણાતુ હોય. ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

: હુકમ :

(૧) વાદીની હાલની આંક–૫ ની અરજી અંશત: **મંજૂર** કરવામાં આવે છે.

(૨) આ કામના પ્રતિવાદી નંબર–૧ નાએ વાદગ્રસ્ત મિલકત એટલે કે, એ–૬૩ માં જે કોઇ અત્યાર સુધી જે કોઇ બાંધકામ કરેલ છે. તે સિવાય વધુ કોઇ બાંધકામ કાયદાની પ્રક્રિયા અનુસર્યા વિના કરવુ નહી અને હાલમાં દાવાવાળી મીલકતની જે પરીસ્થીતી છે તે પરીસ્થીતી દાવાના આખરી નીકાલ થતા સુધી પ્રતિવાદી નં.૧ નાએ જાળવી રાખવી તેવો મનાઇ હુકમ તેઓની વિરૂધ્ધમાં ફરમાવવામાં આવે છે.

(૩) ખર્ચ અંગે કોઇ હુકમ કરવામાં આવતો નથી.

હુકમ આજરોજ તારીખ : ૧૭ મી, માહે : જુલાઇ, સને : ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૧૭/૦૭/૨૦૨૬
જિ. ગાંધીનગર

(બી. એસ. રાણા)
બીજા એડી.સીની.સીવીલ જજ, ગાંધીનગર
કોડ નં. GJ 01471